દિવ્ય ભાસ્કર, અમદાવાદ ફ્રંટ પેજ
તારીખ :- ૨૩/૦૫/૨૦૨૬.

સિટી એન્કર

1200 મુસાફરો માટે વેઈટિંગ એરિયા, મહિલા- VIP વેઈટિંગ રૂમ પણ ઉપલબ્ધ હશે

# સાબરમતી સ્ટેશન ટ્રાન્સપોર્ટ હબ સાથે 'સ્માર્ટ ટ્રાન્ઝિટ સેન્ટર' બનશે બુલેટ-મેટ્રો ટ્રેન, બસ સેવા સાથે વર્કસ્પેસ, પ્રિન્ટિંગની સુવિધા મળશે



ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

સાબરમતી રેલવે સ્ટેશન માત્ર ટ્રાન્સપોર્ટ હબ નહીં રહે, પરંતુ મુસાફરોની વિવિધ જરૂરિયાતો પૂરી કરતું આધુનિક 'સ્માર્ટ ટ્રાન્ઝિટ સેન્ટર' બનશે. ડિસેમ્બર-2026 સુધીમાં પૂર્ણ થનારી આ મહત્વાકાંક્ષી યોજનામાં રેલવે, બુલેટ ટ્રેન, મેટ્રો, BRTS અને સિટી બસ સેવાને એક જ સ્થળે જોડાશે. સાથે મુસાફરોને એરપોર્ટ જેવી સુવિધા પણ ઉપલબ્ધ કરાશે. અહીં મુસાફરો માટે ટ્રેનની પ્રતીક્ષા સિવાય, રોજિંદા કામકાજ પતાવવા, ફ્રેશ થવા સહિતની સુવિધા હશે. 1200થી વધુ મુસાફરો માટે વેઈટિંગ એરિયા, મહિલા અને વીઆઈપી વેઈટિંગ રૂમ પણ હશે.

## ટ્રેન બદલતા મુસાફરોને સૌથી વધુ લાભ મળશે

રેલવેના આયોજન મુજબ સ્ટેશન પર વર્કસ્પેસ, દસ્તાવેજ તૈયાર કરી તેને પ્રિન્ટિંગ કરવાની સુવિધા પણ ઉપલબ્ધ કરાશે. જો કોઈ મુસાફર પાસે આગામી ટ્રેન, મેટ્રો કે બુલેટ ટ્રેન માટે બે-ત્રણ કલાકનો સમય હોય તો તે સ્ટેશન પર જ રહી પોતાના ઓફિશિયલ અથવા વ્યક્તિગત કામ પૂર્ણ કરી શકશે. મુસાફરને હોટેલમાં ન જવું પડે માટે ભોજન, રિફ્રેશમેન્ટ અને આરામની સુવિધા પણ હશે.

### મુસાફરોને થનારા ફાયદા

- સામાન સુરક્ષિત રાખવા માટે લોકર સુવિધા
- દસ્તાવેજ તૈયાર કરવા અને પ્રિન્ટિંગની વ્યવસ્થા
- આરામ, ભોજન અને રિફ્રેશમેન્ટની સુવિધા
- ટ્રાન્ઝિટ દરમિયાન સમયનો સદુપયોગ
- બુલેટ ટ્રેન, મેટ્રો, રેલવે અને બસ વચ્ચે સરળ કનેક્ટિવિટી
- ફ્રી વાઈ-ફાઈ અને સ્માર્ટ ડિજિટલ સુવિધાઓ
- દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો માટે સરળ અવરજવર